Seat No. : ______________

# NF-139

**November-2018**

**M.A., Sem.-III**

**503 : Gujarati**

**(Tulnatmak Sahitya)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (અ) તુલનાત્મક સાહિત્ય એટલે શું ? સમજાવી, તુલનાત્મક સાહિત્યનું સ્વરૂપ સ્પષ્ટ કરો. **14**

અથવા

ટૂંકનોંધ લખો. (બંને)

(1) તુલનાત્મક સાહિત્યનું મહત્ત્વ

(2) તુલનાત્મક સાહિત્યમાં અનુવાદની ભૂમિકા

(બ) નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **4**

(1) 'Comparative Literatures' શબ્દનો પ્રયોગ સૌ પ્રથમ કયા અભ્યાસીએ કર્યો હતો ?

(2) અંગ્રેજી શબ્દ 'Comparative Literature'નો ગુજરાતી પર્યાય જણાવો.

(3) 'વિવિધ પ્રજાઓ અને રાષ્ટ્રોનાં સાહિત્યોના સંબંધો અને સામ્યોનું પરીક્ષણ અને પૃથક્કરણ એટલે તુલનાત્મક સાહિત્ય.' – અભિપ્રાય કોનો છે ?

(4) 'એક જ ભાષાની બે કૃતિઓનો અભ્યાસ તુલનાત્મક સાહિત્યમાં થઈ શકે.' – વિધાન ખરું કે ખોટું ?

(5) સાહિત્યની માનવીય અભિવ્યક્તિના અન્ય ક્ષેત્રો જેવાં કે કલાઓ, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, વિજ્ઞાન અને સમાજવિદ્યાઓ સાથે તુલનાની હિમાયત કરનાર અભ્યાસીનું નામ જણાવો.

(6) કોર્નવેલ યુનિવર્સિટીના પ્રો. લેન કૂપર પોતે જે વિભાગના અધ્યક્ષ હતા તે વિભાગને _____ કહેવડાવવાનો આગ્રહ રાખતા હતા.

2. (અ) વિશ્વસાહિત્યની વિભાવના સ્પષ્ટ કરો. **14**

અથવા

ટૂંકનોંધ લખો. (બંને)

(1) તુલનાત્મક સાહિત્યનું કાર્યક્ષેત્ર.

(2) અસર, સાદશ્ય અને પરંપરા વિશે નોંધ લખો.

(બ) નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **4**

(1) વિશ્વસાહિત્યની વિભાવના સૌપ્રથમ કયા જર્મન કવિએ આપી હતી ?

(2) 'Welt Literature' શબ્દ કયા અભ્યાસીએ પ્રયોજ્યો હતો ?

(3) ભારતમાં વિશ્વસાહિત્યનો વિચાર કોણે રજૂ કર્યો હતો ?

(4) અસર, સાદૃશ્ય અને પરંપરા – તુલનાત્મક સાહિત્યના કાર્યક્ષેત્રો છે. – વિધાન ખરું છે કે ખોટું ?

(5) કયા અભ્યાસીએ વિશ્વનાગરિકવાદ સાથે તુલનાત્મક સાહિત્યનો સંકેત પણ સમાવિષ્ટ કર્યો હતો ?

(6) સાદૃશ્યને માટે 'એફિનિટી', 'એનેલોજી' અને 'પેરેલલ્સ' જેવા પર્યાયો પ્રયોજાય છે. – વિધાન ખરું છે કે ખોટું ?

3. (અ) ગુજરાતી સાહિત્ય ઉપર ગાંધીજીનો પ્રભાવ સદૃષ્ટાંત ચર્ચો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો. (બંને)

(1) સંસ્કૃત વિચારધારાનો ગુજરાતી વિવેચન પર પ્રભાવ

(2) પશ્ચિમની વિચારધારાનો ગુજરાતી કવિતા પર પ્રભાવ

(બ) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **3**

(1) 'માણસાઈના દીવા' કૃતિમાં ગાંધીજીની જીવનદૃષ્ટિનો પ્રભાવ જોવા મળે છે. – વિધાન ખરું છે કે ખોટું ?

(2) 'ગાંધીજીએ કલાકારોને જીવન લક્ષી – વાસ્તવલક્ષી અભિગમ રાખવા પ્રેર્યા હતા.' – વિધાન ખરું છે કે ખોટું ?

(3) ર.વ. દેસાઈની કઈ નવલકથામાં ગાંધીજીની વિચારધારાનો પ્રભાવ જોવા મળે છે ?

(4) 'નિરંજન ભગતના કાવ્યો પર એલિયટનો પ્રભાવ છે.' – વિધાન ખરું છે કે ખોટું ?

(5) ખંડકાવ્યના સ્વરૂપની ચર્ચા કરવા માટે સંસ્કૃત કાવ્યશાસ્ત્રનો આશ્રય પંડિત યુગના કયા વિવેચકે લીધો છે ?

4. (અ) 'આરણ્યક' અને 'અરવલ્લી' નવલકથાઓની સામ્ય-વૈષમ્ય સંદર્ભે તપાસ કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો. (બંને)

(1) 'આરણ્યક' ના નાયકનો વિષાદ

(2) 'અરવલ્લી' નવલકથાનો પરિવેશ

(બ) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. **3**

(1) 'અરવલ્લી' નવલકથાની પ્રથમ આવૃત્તિ સાલ જણાવો :

(2) બેભાન થયેલા નાયકને ભાનમાં લાવનાર બીટગાર્ડનું નામ શું છે ?

(3) 'અરવલ્લી' નવલકથાના નાયકને કથાને અંતે કઈ બાબતનો પત્ર મળે છે ?

(4) ધતુરિયો કઈ કળા દ્વારા પેટિયું રળે છે ?

(5) 'આરણ્યક' મૂળ કઈ ભાષામાં લખાયેલી નવલકથા છે ?